ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ કરવામાં આવે એ પહેલાં જ ખાણ ખનીજ વિભાગે આપેલી મંજૂરીથી દાળમાં કંઇક કાળુ હોવાની સેવાતી આશંકા

# મહુધાના મંગળપુરા ગામે જમીન ફળદ્રુપ કરવાના બહાને માટી કૌભાંડ

## તલાટીને ભૂલ સમજાતા સુજલામ સુફલામની મંજૂરી માટે મામલતદાર પાસે દોડી ગયા પણ તેઓએ હાથ અદ્ધર કરી દેતા બરાબરના સલવાયા

મહુધા,તા ૨૬

સરકાર દ્વારા ખેડૂતોને પોતાની જમીન ફળદ્રુપ કરવા માટે તેમ જ તળાવો ઉંડા કરવા માટે ગ્રામ પંચાયતમાં ઠરાવ કરી રોયલ્ટી વગર માટે લઈ જવાની મંજૂરી આપવાની હોય છે. સુજલામ સુફલામ યોજના દ્વારા પણ ખેડૂતોને તળાવની માટી પોતાના ખેતરની ફળદ્રુપ કરવા માટે મંજૂરી આપવામાં આવતી હોય છે.જેની આડમાં કેટલાય લોકો પોતાની ખાનગી માલિકીની જગ્યામાં પુરાણ કરાવી દે છે તેવો બનાવ હાલમાં મહુધા તાલુકાના મંગળપુરા ગામે બન્યો છે. સામાન્ય માણસ કાયદાનું ઉલ્લંઘન કરે તો તેને સજા વેઠવી પડે છે, પરંતુ ગામના તળાવમાંથી માટી કાઢી ખેતર સામતલ કરવાની મંજૂરી આપ્યા બાદ માટી ખાનગી હેતુ માટે ગેરકાયદે ઉપયોગમાં લેવાતો હોવાની જાણ થયા બાદ પણ તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા નથી.

મહુધા તાલુકાના મંગળપુરા ગામે ગામની સર્વે નંબર ૨૪૫/૨૪૬ વાડી જમીનને ફળદ્રુપ બનાવવા માટે ખેડૂત દ્વારા માંગણી કરવામાં આવતા તલાટી તેમજ સરપંચ અને સભ્યોએ સર્વાનુમતે મંજૂરી આપી હતી તે મંજૂરી જમીન ફળદ્રુપ કરવા ખેતરમાં માટી નાખવાની હતી.આ ઠરાવ તારીખ ૨૨ /૩/૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યો હતો જ્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા ખેતરમાંથી માટી કાઢવા તેમજ જમીનને ફળદ્રુપ બનાવવા માટે ગુજરાત ખનિજ છુટછાટ ૨૦૧૭ પ્રમાણે જમીન ફળદ્રુપ બનાવવા માટે રોયલ્ટી લેવામાંથી છૂટ આપી હતી, પરંતુ આ મંજૂરીનો પત્ર તલાટી કમ મંત્રીને ૧૫/ ૨ /૨૦૨૦ ના રોજ મળ્યો હતો હવે જ્યારે તલાટીએ ગ્રામ પંચાયતની મિટિંગ મળી અને સર્વ સંમતિથી ૨૨/ ૩/ ૨૦૨૨ના રોજ ઠરાવ કર્યો તો ખાન ખનીજ ૧૫ /૨ /૨૦૨૨ના રોજ એટલે કે ૩૭ દિવસ પહેલા કેવી રીતે મંજૂરી આપી ? સરકારી નિયમોથી અજાણ તલાટીએ તળાવમાંથી માટી ખોદવાની પ રવાનગી મામલતદાર પાસે માગી હતી. જે બાબતે મામલતદારને કોઈ લેવાદેવા હોતી નથી તે સ્થાનિક ધોરણે નિયમ અનુસાર કાર્ય કરવાનું હોય છે. મામલતદારને સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો ઉંડા કરવા કે ખાડા કરવાની જાણ કરવાની હોય છે જ્યારે તલાટી આખા કૌભાંડમાં સંડોવાયા હોય તેવી ભીતિ થતાં મામલતદાર મહુધાને ગ્રામ પંચાયતના લેટરપેડ ઉપર જાણ કરી હતી.

જેથી મામલતદારે તે જ દિવસે પંચાયતને લેટર પાઠવ્યો હતો કે આ મંજૂરી મારે આપવાની ના હોય તેમજ તમે નિયમોનુસાર કાર્ય કરશો જ્યારે પોતાનો બચાવ શોધતા તલાટીએ હાલમાં બે દિવસ પહેલા મામલતદાર કચેરીએ સુજલામ સુફલામ યોજના અંતર્ગત માટીની માટેની મંજૂરી માગી હતી. પરંતુ સમયમર્યાદા પ ૂર્ણ થઈ જતાં મામલતદારે મંજૂરી આપેલ નથી તો તારીખ ૨૮ /૪ /૨૦૨૨ ના રોજ તલાટી તેમજ સરપંચે મામલતદારને તેમજ તાલુકા વિકાસ અધિકારીને લેખિત જાણ કરી હતી કે સર્વે નંબર ૨૪૫/૨૪૬ ના ખેડૂતે ૨૦૦ કરતા વધારે ટ્રોલી માટી કાઢી હોવાથી અમે તપાસ કરવા ગયા ત્યારે તેઓએ અમારો મોબાઈલ લીધો હતો, તેમજ અમારી પાસે ગેરવર્તણૂક કરી હતી. મંગળપ ુરા ગામ એ જે જગ્યાએ માટીપુરાણ કરવામાં આવ્યું છે, તે જગ્યાએ ખેતર ની જગ્યાએ ફાર્મહાઉસ બનતું હોવાની વાત બહાર આવી છે. જે સ્થળે ખેતર હોય તે સ્થળે માત્ર પોતાની ખેતી થાય તેટલા જ ઓજારો મૂકી શકાય માત્ર જેટલું ઘર રહેવા માટે બનાવવાનું હોય છે, પરંતુ હાલમાં ત્યાં બાળકો મોટું મકાન બની ગયું છે તેમજ જમીનની ચારેતરફ દિવાલ પણ બનાવી દેવામાં

### મારે મંજૂરી આપવાની ના હોય : મામલતદાર

મંગળપુરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી મારી પાસે તળાવમાંથી માટી કાઢવાની મંજૂરી માટે આવ્યા હતા પરંતુ તે સુજલામ સુફલામ યોજનાના હોવાથી અને તે ગામનો પ્રશ્નો હોય પંચાયત તરફથી મંજૂરી મેળવવાની હોય છે.

### ખોટો ઠરાવ પાસ કર્યો

ખાણ ખનીજ દ્વારા તારીખ ૧૫/૨/ ૨૦૨૨ ના રોજ તલાટીને મંજૂરી માટેનો પત્ર પાઠવવામાં આવ્યો હતો ત્યારે તલાટી અને સરપંચે સભ્યોની મંજૂરી સાથેનો ઠરાવ તારીખ ૨૨/ ૩/૨૦૨૨ ના રોજ કર્યો હતો તો પ્રશ્ન એ છે કે એક મહિના પહેલા ખાણ ખનીજ વિભાગ દ્વારા માટી કાઢવાની રોયલ્ટી વગર મંજૂરી કેવી રીતે મળી, જે બાબતે ખાણ ખનીજ વિભાગના જિલ્લાની કચેરીનો સંપર્ક કરતાં ત્યાંથી જાણવા મળ્યું હતું કે અમારી પાસે તલાટીએ કરેલ ઠરાવ આવ્યા બાદ જ અમે સામે પત્રનો જવાબ આપ્યો હતો જેનો મતલબ કે એક કામ માટે બે વખત ઠરાવ કરવામાં આવ્યા હતા.

### તલાટી દ્વારા અણછાજતું વર્તન

મંગળપુરા માટી કૌભાંડ બાબતે તલાટીને વાત કરતા તલાટીએ ગ્રામ પંચાયતે આવવાનું કહી તલાટી સીધા ધારાસભ્ય પાસે પહોંચી ધારાસભ્યો સાથે વાત કરાવી આ મુદ્દામાં ન પડવા તેમજ બધા જ કાગળો વ્યવસ્થિત હોવાનું જણાવતા હતા તેમજ તલાટી ફોન પર પણ વાત કરવાનું ટાળતાં અને ફોન રિસીવ કરતા ન હતા અને રૂબરૂ મળતા પોતે સાફ હોવાનું જણાવતા હતા.

વ્રજભૂમિ ઇન્ટરનેશનલ સ્કૂલ આણંદ ખાતે

# વૈશ્વિક જ્ઞાનગંગા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત દસ દિવસીય સંસ્કૃત વર્ગની પૂર્ણાહૂતિ



વડોદરા, તા.૨૭

વૈશ્વિક જ્ઞાનગંગા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત દસ દિવસીય સંસ્કૃત વર્ગમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓ જોડીને સંસ્કૃત ભાષા વિશે સમજ કેળવી હતી. આ વર્ગ દસ દિવસ બાદ ગઈકાલે પૂર્ણ થયો હતો. વૈશ્વિક જ્ઞાનગંગા સેવા ટ્રસ્ટ વડોદરા દ્વારા આયોજિત દસ દિવસીય આવાસીય સંસ્કૃત શિક્ષણનો સમાપન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ગત.તા. ૨૫ નારોજ વ્રજભૂમિ ઈન્ટરનેશનલ સ્કૂલ આણંદ ખાતે શાળાના પ્રાંગણમાં યોજાયો હતો. આ સમાપન કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સામાજીક કાર્યકરો ઉપ સ્થિત રહ્યા હતા આ કાર્યક્રમનાં અધ્યક્ષ વ્રજભૂમિ ઈન્ટરનેશનલ સ્કૂલનાં સંસ્થાપક નારાયણ ચરણદાસ સ્વામીજી હતા. કાર્યક્રમનાં આરંભમાં બાળકોએ સંસ્કૃતમાં શીખેલ વિવિધ અભ્યાસો નાટક અને વિવિધ કાર્યક્રમો પ્રદર્શિત કર્યા હતા. ડો.દર્શન ભટ્ટે વર્ગનું વૃત સંભળાવ્યું હતું. કાર્યક્રમનાં અધ્યક્ષ નારાયણ ચરણદાસ સ્વામીજીએ વૈશ્વિક જ્ઞાનગંગા સેવા ટ્રસ્ટ વિશે વિગતવાર માહિતી આપીને આ પ્રકારનાં વર્ગો અવિરત ચાલતા રહે એવો અનુરોધ કર્યો હતો. આ વર્ગમાં ૧૦૪ બાળકો એ દસ દિવસ સુધી વર્ગ સ્થાન પર રહી સંસ્કૃત નો અભ્યાસ કરી સંસ્કૃતનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

# લો હવે આણંદ જિલ્લા ભાજપ પ્રમુખની છબી ઉજ્જવળ કરવા તરફદારીનું જૂથ મેદાનમાં

આણંદ,તા.૨૭

આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ તથા પાલિકા પ્રમુખના પતિરાજના એકમેવ્ય મલાઇ વહીવટના રચાયેલ ચોકા મુદ્દે પક્ષના કાર્યકરો દ્વારા બંને પ્રમુખના રાજીનામાંની માગ કરતી લેખીત રજૂઆત પ્રદેશ પ્રમુખ સમક્ષ કર્યા બાદ કડક શબ્દોમાં ઠપકો આપી મામલો થાળે પાડવાના પ્રયાસ બાદ હવે જિલ્લા ભાજપ પ્રમુખની છબી ઉજ્જવળ કરવા તરફદારી જૂથ મેદાનમાં આવતા પુનઃ પક્ષમાં ચણભણાટ શરૂ થયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર છેલ્લા એક વર્ષથી આણંદ ભાજપમાં સ્વાયત્ત તથા સ્વરાજકીય સંસ્થામાં સત્તા હસ્તે કરતાં મલાઇ વહીવટ ભાગબટાઇના ખેલ રચવામાં આવતા થોડાસમય પૂર્વ જિલ્લાના બે ઉચ્ચનેતાનો વિખવાદ વિવાદ ઉજાગર થતાં પક્ષના એકજૂથના નેતાના ઈશારે પાલિકા પ્રમુખના પતિરાજના મલાઇ વહીવટના એકમેવ્ય ચોકા સાથે જિલ્લા ભાજપ પ્રમુખ સાથેની સાંઠગાંઠના આક્ષેપ કરી પાલિકા પ્રમુખ તથા જિલ્લા ભાજપ પ્રમુખના રાજીનામાંની લેખીત માગ પ્રદેશ પ્રમુખ સમક્ષ કરવામાં આવતા પ્રદેશ પ્રમુખ દ્વારા કડક વલણ દાખવી જૂથવાદ તથા ભ્રષ્ટાચારને બંધ કરવાની સુચના આપી મામલો થાળે પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આમ છતાં પક્ષમાં ઉકળતા ચરૂની સ્થીતી યથાવત રહેતા હવે જિલ્લા ભાજપ પ્રમુખની પક્ષીય ઉજ્જવળ કામગીરી કરી હોવાના તથા પત્રિકા યુદ્ધ દ્વારા ઉભી કરવામાં આવેલ પરિસ્થિતિ તમારી વધતી જતી ક્ષમતાનો ઉચા વધતા ગ્રાફના કારણે અસંતોષજનક સ્થીતી ઉભી કરી હોય તમારા નેતૃત્વમાં પક્ષ વધુ મજબૂત બની રહ્યાનો મત વ્યક્ત કરી પ્રમુખ તરફી જૂથ સક્રિય બની મેદાનમાં આવતા આગામી દિવસોમાં ધર્ષણની સ્થીતી વણસશે તેવી સંભાવના સાથે ચણભણાટ ઉભો થયો છે.

# વડોદરામાં ગુજરાત રીફાઇનરીની સેવાકીય પ્રવૃત્તિ હેઠળ ૩૧૦ લાભાર્થીઓને સાધન સહાય

વડોદરા, તા.૨૭

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા વડોદરામાં ગુજરાત રીફાઈનરીની કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબિલીટી હેઠળ ૩૧૦ લાભાર્થીઓને વિવિધ સહાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અગલ અલગ સંસ્થાના મહાનુભાવો હાજર રહ્યા હતા. વડોદરામાં ગુજરાત રીફાઈનરીની કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબિલીટી (સીએસઆર) પ્રવૃત્તિ હેઠળ વિવિધ સાધન સહાયનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના ભુપેન્દ્ર પટેલે ૩૧૦ લાભાર્થીઓને સહાયનું વિતરણ કર્યું હતું જેમાં મોટોરાઇઝડ ટ્રાઈસિકલ, વ્હીલચેર, કાનના મશીન અને તેને સંલગ્ન સાધનો, સ્માર્ટ ફોન, મલ્ટી-સેન્સરી ઈન્કલુઝીવ એજ્યુકેશનલ કિટ્સ, બ્રેઈલ કેન્સ, પ્રોસ્થેટિક લીમ્બ વગેરે સામેલ હતા. આ ઉપરાંત આર્ટિફિશિલ લીમ્બ મેન્યુફેક્ચરીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) (એએલઆઈએમસીઓ) દ્વારા ઉત્પાદિત ૫૧૬ જેટલા વિવિધ સાધનો મહિલા તેમજ બાળ વિકાસ વિભાગના મંત્રી મનિષાબેન વકીલ, મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, સાંસદ રંજનબેન ભટ્ટ, ગુજરાત રીફાઈનરીના ઈડી એન્ડ આરએચ સંજય ભટનાગર અને મેયર કેયુર રોકડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# ચાર વર્ષથી RBIએ રૂ. ૨૦૦૦ની નોટ છાપી નથી

અમદાવાદ તા. ૨૭

ચાર વર્ષથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશમાં નવી રૂ.૨૦૦૦ની ચલણી નોટ છાપવાનું બંધ કર્યું હોવાથી કુલ ચલણમાં આ નોટનો હિસ્સો ઘટી રહ્યો છે એવી વિગત દેશની સેન્ટ્રલ બેંકના વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ ઉપરથી પ્રકાશમાં આવી છે. નવેમ્બર ૨૦૧૬માં દેશમાં રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટ રદ્દ કરી તેને બેંકમાં ૬૦ દિવસમાં જમા કરાવી દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ સમયે રદ્દ થયેલી નોટોનું પ્રમાણ ઘણું વધારે હોવાથી કેન્દ્ર સરકારે રૂ.૨૦૦૦ની નવી નોટ બજારમાં મૂકી હતી. જોકે, વર્ષ ૨૦૧૮-૧૯૫છી રિઝર્વ બેંકે આ નવી નોટ છાપવાનું બંધ કરી દીધું છે. રિઝર્વ બેંકના વાર્ષિક અહેવાલ અનુસાર માર્ચ ૨૦૨૨ની સ્થિતિએ દેશના ચલણમાં કુલ નોટોમાં રૂ.૨૦૦૦ની નોટનો હિસ્સો ૧૩.૮ ટકા હતો જે આગલા વર્ષના ૧૭.૩ ટકા કરતા ઘટી ગયો છે. માર્ચ ૨૦૨૨ની સ્થિતિએ દેશમાં હવે ચલણમાં, રૂ.૨૦૦૦ની કુલ ૨૧૪ કરોડ નોટો રહી છે જે આગલા વર્ષે ૨૪૫ કરોડ હતી. જોકે, રિઝર્વ બેંકે હવે રૂ.૫૦૦ની નોટો વધારે છાપવાનું શરુ કર્યું છે. રૂ.૩૧ લાખ કરોડના વ્યવહારના કુલ ચલણમાં રૂ.૫૦૦ની નોટોનો હિસ્સો ૭૩.૩ ટકા હતો જે ગત વર્ષે ૬૮.૪ ટકા હતો.

# આરોગ્ય જન સુખાકારીહિતાર્થે આણંદમાં મેડકાર્ટે દ્વારા જૈનરિક દવાના સ્ટોરનું આયોજન

આણંદ,તા.૨૭

તબીબી સારવાર મોધી બનતા સામાન્ય વર્ગે માટે મોધી દવાઓથી આર્થિક હાડમારી વધતા મેડકાર્ટે દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં જૈનરિક દવાના સ્ટોર શરૂ કરવામાં આવશે.સંસ્થાના પરાશર ચારીએ જણાવ્યું કે જૈનરિક દવા દ્વારા સરળ અને પરવડે તેવી સારવારને સુલભ બનાવવાના પ્રયાસ થકી સામાન્ય - મધ્યમ વર્ગના પરિવાર સહિત અન્ય માટે પણ આરોગ્ય પાછળ થતાં ખર્ચે ધટશે.દવાઓ બ્રાન્ડેડ નામ જ સાચાની લાગણી ઘર કરી ગઇ હોય તેને ગુણવત્તા સાથે જોડી કિંમતના આકલન કરાતા હોય છે. પરંતુ વાસ્તવમાં મેડીકલ બીલમા ૮૫% સુધીની રાહત મળતી હોય પરવડે તેવી દવાઓ પણ પોતાની ગુણવત્તા અન્ય ઉચી કિંમતની ધરાવતી હોય મહત્તમ ઉપયોગ લેવા પર ભાર મૂક્યો હતો.


**Shri S'ad Vidya Mandal Institute of Technology**
College Campus, Old N. H. No. 8, Bharuch - 392 001.
Email : director@svmit.ac.in Website : www.svmit.ac.in

**WANTED FOR AN ENGINEERING COLLEGE AT BHARUCH**

SVMIT is a premier Institute of this region in the field of technical education since 1996. It is affiliated to Gujarat Technological University (GTU), Ahmedabad. Institute needs the following Faculties and a Principal.

**1. Professors / Associate Professors :**

| Sr. No. | Department | Prof. | Assoc. Prof. | Asst. Prof. |
|---|---|---|---|---|
| 1. | Chemical Engineering | 01 | 01 | 00 |
| 2. | Computer Engineering | 01 | 01 | 00 |
| 3. | Marketing & HR | 02 | | |

**2. Principal :** Candidate should have experience and qualifications as per AICTE norms. He / She must possess skill and passion to lead the institute for the need of industries and society.

For the above-mentioned posts of principal and teaching faculty experience and qualification are required as per the AICTE / GTU norms.

For Marketing and HR candidates having MBA degree (Marketing / HR) will be given preference.

Apply to **info@svmit.ac.in** and also send hard copies of documents to Institute along with all the supporting documents **on or before 11/06/2022.**

**- Chairman**



AHMEDABAD MUNICIPAL CORPORATION
CENTRAL WORKSHOP
Short E Tender Notice
आज़ादी का अमृत महोत्सव

Tender No. 149 to 177 / 2022-23 for Supply of Spares, Repair - Fabrication & Servicing work etc. as per AMC Tender Scope of work, Requirements & terms - conditions.

| | |
|---|---|
| Online Submission upto | Date 09/06/2022 up to 18.00 Hrs. |
| Details and Tenders available on | www.amc.nprocure.com and www.ahmedabadcity.gov.in |



જાહેર નિવિદા(બીજો પ્રયત્ન)
ઇડર નગરપાલિકા

આથી લાગતા-વળગતાં કોન્ટ્રાકટર, વેપારીઓ, પેઢીઓને જણાવવાનું કે, ઇડર નગરપાલિકા ધ્વારા સને-૨૦૨૨/૨૩ માટે સેનીટેશન શાખા માટે મજુરી સાથેના નીચે મુજબના વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. તમામ કામોના કોરા ટેન્ડર ફોર્મ તા.૦૨/૦૬/૨૦૨૨ સાંજના ૫.૦૦ કલાક સુધી મેળવવાના રહેશે. ટેન્ડર સાથે નિયત ઇ.એમ.ડી. મોકલવાની રહેશે. સીલબધ ટેન્ડર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી મુખ્ય અધિકારી, ઇડર નગરપાલિકાને તા.૦૬/૦૬/૨૦૨૨ સુધી મોકલવાના રહેશે.

| ક્રમ | કામની વિગત | બાનાની રકમ | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ૧ | જંતુનાશક દવાઓની ખરીદીનું કામ | ૫૦૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| ૨ | જે.સી.બી તથા ટ્રેક્ટર પ્રતિ ફેરાના કામ બાબત. | ૧૦૦૦૦.૦૦ | ૯૦૦.૦૦ |

સીલબંધ કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. સમય મર્યાદા પછીના ટેન્ડરો આપો-આપ રદ ગણાશે. ટેન્ડર અંગે વધુ વિગત નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી અથવા ટેલીફોન નં. ૦૨૭૭૮-૨૫૦૦૪૬ પરથી જાણી શકાશે. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર ઇડર નગરપાલિકાને અબાધિત રહેશે.

| હરીશ અગ્રવાલ | દિનેશભાઇ પરમાર | કુણાલ.ડી.કંસારા | ફાલ્ગુનીબેન ભાવસાર | જયસિંહ.આર.તવર |
|---|---|---|---|---|
| મુખ્ય અધિકારી | આરોગ્ય ચેરમેન | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| ઇડર નગરપાલિકા | ઇડર નગરપાલિકા | ઇડર નગરપાલિકા | ઇડર નગરપાલિકા | ઇડર નગરપાલિકા |



MADHYA GUJARAT VIJ COMPANY LIMITED
O&M CIRCLE OFFICE, GOTRI ROAD,BARODA-390 021 Tel: 2355520/21 Fax 2313164
barodaom@gebmail.com - E&P Dept-GoG: http://guj-epd.gov.in
CIN U40102GJ2003SGC042907

Tender Notice (1) Tender ID 493983. Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for nandesari S/Dn model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month under Baroda Dn (2) Tender ID 493955. Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Baroda Dn Lab model-2021(white color Tax/Max passing for 12 hrs/3000 per month under Baroda Dn (3) Tender ID 493930. Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Baroda Dn TMS model-2021(white color Tax/Max passing for 12 hrs/3000 per month under Baroda Dn.(4) Tender ID 492947 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Baroda Dn Koyali S/Dn model-2021(white color Tax/Max passing for 22 hrs/3000 per month under Baroda Dn. (5) Tender ID 493987 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Baroda Dn Savli S/Dn model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month under Baroda Dn..(6) Tender ID 493990 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Baroda Dn Waghodia S/Dn model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month under Baroda Dn.(7) Tender ID 494085 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Baroda Dn Waghodia S/Dn model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month under Baroda Dn. (8) Tender ID 494064Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Executive Engineer Jambuva Division model-2021(white color Tax/Max passing for 12 hrs/2500 per month under Jambuva Dn..(9) Tender ID 494068 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Jambuva S/Dn. model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month under Jambuva Dn. (10) Tender ID 494070 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Jambuva Division TMS. model-2021(white color Tax/Max passing for 12 hrs/3000 per month under Jambuva Dn. (11) Tender ID 514317 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Police-Inspector-1 under GUVNL Police Station,Gotri Baroda.model-2022(white color Tax/Max passing for 24 hrs/3000 per month..(12) Tender ID 494081 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Karjan-I under Jambuva Division model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month under Jambuva Dn.(13) Tender ID 492938 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for I/c Squad under Baroda Division model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month. (14) Tender ID 493948 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Executive Engineer Baroda Division under Baroda Division model-2021(white color Tax/Max passing for 12 hrs/3000 per month. (15) Tender ID 514443 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Police-Inspector-3 under GUVNL Police Station,Gotri Baroda.model-2022(white color Tax/Max passing for 24 hrs/3000 per month. Tender ID 514443.(16) Tender ID 514439 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Police-Inspector-2 under GUVNL Police Station,Gotri Baroda.model-2022(white color Tax/Max passing for 24 hrs/3000 per month.(17) Tender ID 514396 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for Police-Inspector under GUVNL Police Station,Gotri Baroda.model-2022(white color Tax/Max passing for 24 hrs/3000 per month.(18)Tender ID 494077 Hiring of diesel driven close body Jeep model BS-6(6+D) for I/C Squad under Jambuva Division model-2021(white color Tax/Max passing for 24 hrs/3000 per month under Jambuva Dn. (19) Tender Notice No.BD/10/2021. Tender for printing of Hordings & mounting the same,flex Banners & pamphlets for all division offices under Baroda(O&M)Circle office to Publicity and Awarness activies under PM-KUSUM scheme (20) Tender Notice No.BD/10/2021. Tender for Purchase of transformer L V coll & HV coll winding machine for in-house transformer repairing centre at Bodeli(O&M)Division Office.(21)Tender Notice No. BC/CVL/WGH/22. Civil work for New Ladies toilet,printing,Material stacking shed,TC Plinth in GIDC & Other Misc.civil work at Waghodia S/Dn Under Baroda (O&M)Dn (22) Tender Id No.16534738211. Procurement of 01 No. 10 HP Mono block pump at old overhead tank at Vidyutnagar colony and 02 nos. of 1 HP pressure pump for MD GUVNL residence at Shobha bungalow, Vidyutnagar Colony, OP road, Vadodara.HO/DE(EM)/MONO block pump/vidhyut nagar colony/2018.Visit our web site www gseb.com, www.mgvcl.com &www.nprocure.com, Be in touch with web site till opening of tender.

S.E. (O&M) Baroda



**NILA INFRASTRUCTURES LIMITED**
(CIN : L45201GJ1990PLC013417)
Registered Office: 1st Floor, Sambhaav House, Opp. Chief Justice's Bunglow, Bodakdev, Ahmedabad - 380 015.
Phone: +91 79 4003 6817/18 Fax: +91 79 26873922
E-mail: secretarial@nilainfra.com Website: www.nilainfra.com

**EXTRACTS OF STANDALONE AND CONSOLIDATED AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON MARCH 31, 2022**

(₹ in Lakhs)

| SN | Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Year Ended | | Quarter Ended | | | Year Ended | |
| | | 31-03-22 | 31-12-21 | 31-03-21 | 31-03-22 | 31-03-21 | 31-03-22 | 31-12-21 | 31-03-21 | 31-03-22 | 31-03-21 |
| | (Refer Notes below) | Audited | Unaudited | Audited | Audited | Audited | Audited | Unaudited | Audited | Audited | Audited |
| 1 | Total Income from Operations | 2,756.53 | 2,744.05 | 3,841.53 | 10,613.31 | 11,111.22 | 2,435.59 | 2,535.67 | 3,864.19 | 9,422.82 | 10,596.05 |
| 2 | Net Profit/ (Loss) for the period (before Tax, Exceptional items | 171.43 | 100.27 | 590.42 | 364.85 | 117.48 | 139.54 | 54.25 | 613.75 | 176.56 | 93.65 |
| 3 | Net Profit/ (Loss) for the period before tax (after Exceptional items) | 171.43 | 100.27 | 590.42 | 364.85 | 117.48 | 139.54 | 54.25 | 613.75 | 176.56 | 93.65 |
| 4 | Net Profit/ (Loss) for the period after tax (after Exceptional items) | 122.21 | 73.33 | 433.77 | 251.02 | 49.19 | (108.34) | 23.91 | 464.98 | (198.16) | (64.99) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 122.58 | 75.69 | 442.79 | 258.44 | 58.58 | (107.97) | 26.26 | 474.00 | (190.74) | (55.60) |
| 6 | "Equity Share Capital (Face Value of ₹ 1/- per share)" | 3,938.89 | 3,938.89 | 3,938.89 | 3,938.89 | 3,938.89 | 3,938.89 | 3,938.89 | 3,938.89 | 3,938.89 | 3,938.89 |
| 7 | Other Equity (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet) | | | | 10,710.52 | 10,452.08 | | | | 9,366.67 | 9,557.41 |
| 8 | Earning per share of ₹ 1/- each (from Continuing and Discontinuing Operations) | | | | | | | | | | |
| | Basic (in ₹ ) | 0.03 | 0.02 | 0.11 | 0.06 | 0.01 | (0.03) | 0.01 | 0.12 | (0.05) | (0.02) |
| | Diluted (in ₹ ) | 0.03 | 0.02 | 0.11 | 0.06 | 0.01 | (0.03) | 0.01 | 0.12 | (0.05) | (0.02) |

1 The above is an extract of the detailed format of quarter and year ended Financial Results reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on May 27, 2022 and the same is filed with the BSE Limited and National Stock Exchange of India Limited under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of quarter and year ended Financial Results and Notes thereto are available on the website of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and also on the Company's website at www.nilainfra.com.

Place : Ahmedabad
Date : May 27, 2022

By Order of the Board of Directors
Sd/-
Manoj B Vadodaria
Chairman and Managing Director
DIN: 00092053

